**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૬ ટકા

## સે-૨૫ પીપળાચોક ખાતે બીટ ધ હિટ ગેમ્સ યોજાઈ



ગાંધીનગર, તા.૨૫

સેક્ટર ૨૫, પીપળાચોક ખાતે બીટ ધ હિટ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. લોટ ફૂંક અને લીંબુ ચમચી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી અને સ્પર્ધામાં ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વિવિધ વયજૂથોમાં રમતો રમી વિજેતા થયા હતાં જેમાં લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ વિજેતા રિશીત સોની અને મકવાણા ઉષા, દ્વિતીય વિજેતા આર્વી સીસારા અને સુથાર ભવ્યા, તૃતીય વિજેતા જાદવ કનય અને સુથાર કથન વિજેતા રહ્યા હતા. લોટ ફૂંક સ્પર્ધામાં પ્રથમ વિજેતા ચૌહાણ વીરાબા અને ઉષા મકવાણા, દ્વિતીય વિજેતા જાદવ કનય અને સુથાર ભવ્યા, તૃતીય વિજેતા વિરાંશ રાવલ અને વાઘેલા ધૈર્ય વિજેતા રહ્યા હતા. કોર્પોરેટર અંજના મહેતા વિશેષ ઉપસ્થિત રહી વિજેતા સ્પર્ધકોને ટ્રોફી તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રમાણપત્ર અને મેડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સ્વ. ઈંદુમતી નીમાવતના સ્મરણાર્થે બ્રહ્માકુમારી સેન્ટર ચિલોડા ખાતે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ

ગાંધીનગર, તા.૨૫

વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ચિલોડા સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગિની તારાદીદીના સહયોગથી બ્રહ્માકુમારીઝ, ગુજરાત ઝોન ડાયરેકટર સરલા દીદીજીના ચતુર્થ સ્મૃતિ દિવસ અને તેમના માતુશ્રી જશોદાબેન નંદલાલ રાજપૂતની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે તેમજ સ્વ. ઈંદુમતી નિમાવતના સ્મરણાર્થે બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર, જગદંબા ભવન, ચિલોડા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. કેમ્પનું ઉદઘાટન મહાનુભાવો તેમજ ડોક્ટર્સના હસ્તે મંગલ દીપ પ્રગટાવી કરવામા આવ્યુ હતું. આ પ્રસંગે વિષ્ણુભાઈ પ્રજાપતિ (જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ), ઈંડિયન રેડક્રોસ ગાંધીનગર જિલ્લા ચેરમેન જીલુભા ધાંધલ, મનીષાબેન શાહ (નેહરૂ યુવા કેન્દ્ર), અંજનાબેન નિમાવત( વનશ્રી ટ્રસ્ટ) હાજર રહ્યા હતા. આ મેડીકલ કેમ્પમાં ડૉ.સતીશ પરમાર (બાળ રોગ નિષ્ણાત), માલવિકા પરમાર (સ્પીચ થેરાપિસ્ટ), ડૉ.હાર્દિકસિંહ(ઓર્થોપેડીક સર્જન, જલારામ ઓર્થોપેડીક હોસ્પિટલ), ડૉ.જયરામ ઠક્કર (યોગ અને નેચરોપેથી), ડૉ.હાર્દીક તલાટી (ફિઝીયોથેરાપિસ્ટ), તેમની વિશેષ સેવાઓ પ્રદાન કરી હતી.સાથે ફૂલ બોડી આયુર્વેદિક ચેકઅપ, કેલ્શિયમ ટેસ્ટ, બીપી–સુગર ટેસ્ટ તેમજ ઈન્ડિયન રેડક્રોસ દ્વારા મહીલાઓ માટે સીબીસી ટેસ્ટ અને રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા બાળકોને સુવર્ણપ્રાશન ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. આ સમગ્ર કેમ્પને સફળ બનાવવા ડોકટર હાર્દીક તલાટી તેમજ બ્રહ્માકુમારી બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે આયોજક કશ્યપ નિમાવત દ્વારા સર્વે ડોક્ટર્સ અને બ્રહ્માકુમારી પરિવારનો આભાર પ્રકટ કરવામાં આવ્યો હતો.



## જન્મદિને વધામણી



ઝલક ઉજ્જવલ વૈશ્યક



વિવેક વિપુલભાઈ જોષી
મો. ૯૮૭૯૬ ૯૦૯૩૬



સંજય જે. શાહ
મો. ૯૮૨૫૩ ૮૧૦૧૫



ભુપતભાઈ વોરા(પટેલ)

# વિશ્વ યોગ દિવસે શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા મહિલા ઉત્કર્ષ મંડળની સ્થાપના

ગાંધીનગર, તા.૨૫

સેક્ટર-૨૩ ખાતે આવેલા શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા અને ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા હવે એક નવું પ્રકરણ જોડાઈ રહ્યું છે. અહીં માત્ર મહિલાઓ દ્વારા મહિલાઓ માટે કાર્ય થાય એ માટે મહિલા ઉત્કર્ષ મંડળ હવે વિધિવત કાર્યરત થયું છે. શ્રી અરવિંદ મહિલા ઉત્કર્ષ મંડળની સ્થાપના ૨૪ જૂનના રોજ વિધિવત રીતે કરવામાં આવી હતી. આ સંદર્ભે સંસ્કૃતિ મહિલા મંડળ અને શ્રી અરવિંદ મહિલા ઉત્કર્ષ મંડળે સાથે મળીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. સૌ બહેનોને યોગ અને સ્વાસ્થ્ય અંગેની સમજ યોગાસન પ્રાણાયામ દ્વારા અને હેતલ ભટ્ટીએ પાવર યોગ દ્વારા સમજાવ્યું. રાજશ્રી ગાંધીએ શ્રી અરવિંદના યોગ વિશે સમજાવ્યું હતું. સંસ્કૃતિ મહિલા પરિવારના પ્રમુખ પ્રતિભાબેન દ્વારા શુભેચ્છા પુષ્પ અર્પણ કર્યાં. કેન્દ્રના ચેરમેન ડૉ. સી. કે.તન્ના તથા વાઈસ ચેરમેન વાઘેલાએ પ્રેરણાત્મક પ્રવચન દ્વારા મહિલાઓના ઉત્કર્ષ માટે અભિનંદન આપ્યા હતા. પારૂલ મહેતા દ્વારા આ મંડળના કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે.





લીલા પાંદડા અને વનસ્પતિને ખોરાકમાં લેતી નીલગાય હવે ઘરનો રાંધેલો ખોરાક ખાતી થઈ ગઈ છે. તાજેતરમાં જ શહેરમાં એંઠવાડ નાખેલી જગ્યા પર નીલગાય પેટપૂજા કરતી દ્રશ્યમાન થઈ હતી.



વિશ્વ યોગ દિવસના રોજ સેક્ટર-૧૪ બગીચામાં યોગ ટીચર રમણભાઈ પરમાર તેમજ યોગ ટ્રેનર જશવંતભાઈ ઓઝા અને દક્ષાબેન ત્રિવેદી તેમજ સર્વે વસાહતી ભાઈઓ અને બહેનોને કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે યોગ કરાવ્યા હતા .

## મહાત્મા ગાંધી સાહિત્ય મંચ દ્વારા ગાંધીજી વિશે કવિ સમ્મેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૫

ગાંધી પીસ ફાઉન્ડેશન નેપાળના તત્ત્વ ધાનમાં મહાત્મા ગાંધી સાહિત્ય મંચ પર ઓનલાઈન કવિ સમ્મેલન યોજાયું હતું. સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા મુખ્ય અતિથિ ડૉ શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોલજ તથા સુનિલ દત્ત મિશ્રા ફિલ્મ કલાકાર છત્તીસગઢ અને ઉપસ્થિત કવિઓનું શાબ્દિક સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૨૫ જેટલા કવિઓએ ભાગ લીધો હતો અને સુંદર રચનાઓ પ્રસ્તુત કરી હતી. ગાંધી પીસ ફાઉન્ડેશન નેપાળના પ્રમુખ લાલ બહાદુર રાણા દ્વારા કવિઓને અભિનંદન પાઠવ્યા હતા.



અખિલ રાવત યુવા વિકાસ સંઘ દ્વારા સાતમો તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ નવનિયુક્ત સરકારી તથા નિવૃત્ત સરકારી કર્મચારીઓનો "સન્માન સમારોહ" ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને ખેરાલુ ખાતે યોજાયો હતો. આ અવસરે મેયર એ સૌ યુવાનોને સમાજસેવા સાથે રાષ્ટ્ર સેવામાં પોતાનું યોગદાન કરવા તેમજ જીવનમાં ખૂબ પ્રગતિના શિખરો સર કરે તેવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ખેરાલુના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, રાજકીય- સામાજિક આગેવાનો, સંતો મહંતો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



ચોથા રવિવારના રોજ માનવસેવા મંડળ તરફથી સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે કૈલાસ ધામ-પેથાપુર,રાહેલબા-મગોડી અને માવતર-ડભોડા,એમ ત્રણ વૃદ્ધાશ્રમ ખાતે વૃદ્ધોને બિસ્કિટ અને કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહ તારાબેન કાન્તીલાલ ઉ.વ.૯૨, ગાંધીનગર
- સ્વ.જોષી કોકીલાબેન ગુણવંતલાલ ઉ.વ.૬૨, વાવોલ

# વિકાસ ઝાઝો અને ઝડપી પરંતુ રાંદેસણ ટીપી-૫ની સમસ્યાઓ વણઉકેલી..!!

## રાંદેસણ ટીપી-૫ વિસ્તારમાં પાણીમાં ક્ષારની મોટી સમસ્યા : ભારે વાહનોની અવરજવરથી અકસ્માતના જોખમ સાથે અન્ય મુશ્કેલીઓ : અર્બન હેલ્થ સેન્ટર, સરકારી સ્કૂલ, કોમ્યુનિટી હોલ, બાગબાગીચા અને સપોર્ટ સેન્ટર જેવી શહેરી સુવિધાઓ પણ બાકી




ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરનો વિકાસ પાટનગર તરીકેના મૂળભૂત સેક્ટર વિસ્તારથી આગળ વધી ગયો છે અને તેમાં સૌથી ઝડપથી વિકસિત થઈ રહેલા વિસ્તારને "ન્યુ ગાંધીનગર" તરીકે ઓળખ મળી રહી છે. આ ન્યુ ગાંધીનગરમાં સરગાસણથી લઈને કુડાસણ, રાંદેસણ, રાયસણ, ગિફ્ટ સિટી, કોબા, ભાઈજીપુરા અને તેની આસપાસના વિસ્તારનો સમાવેશ થાય છે. રાંદેસણ ગામનો સમાવેશ ગાંધીનગરમા કરવામાં આવ્યો તે સાથે જ ગામના ગામતળ રહેણાંક વિસ્તાર બહારના જે વિસ્તારમાં નવી નગર યોજના નંબર-૫ અમલમાં મુકવામાં આવી છે જે અગાઉથી જ ગુડા વિસ્તાર તરીકે વિકાસની ગતિ પકડી ચુક્યો હતો. રાંદેસણ ટીપી-૫ તરીકે ઓળખાતા આ વિસ્તારમાં કેટલીક જૂની સોસાયટીઓ સાથે અત્યારે ખુબ મોટી સંખ્યામાં વિવિધ નવી રહેણાંક સ્કીમો બની ચુકે છે તેમજ અનેક સ્કીમો બાંધકામ હેઠળ છે. રાંદેસણ ટીપી-૫ વિસ્તાર જે ઝડપે ધમધમતો થઈ ગયો છે તે સાથે તેની સમસ્યાઓ પણ સામે આવતી જાય છે.

રાંદેસણ ટીપી-૫ વિસ્તાર રક્ષાશક્તિ સર્કલના ધોળાકુવાના સામેના ખૂણેથી શરુ થઈને ધોળેશ્વર મહાદેવ સુધીનો વિસ્તાર સમાવી લેછે જેમાં બાલમુકુન્દ, મેઘ ધનુષ, શિવ આશિષ, શિલ્પ શ્રી, ગાયત્રી, સૃજન, ઉર્જાનગર, રુદ્રાક્ષ, સનરાઈઝ, પ્રમુખ પ્રાઈડ, સુયશ સ્ટેટસ, કસારિયો, સ્વામિનારાયણ પ્રેસિડેન્સી, મારુતિ મેગનમ, શ્રીધર સેન્ચ્યુરી, વેદિકા હેબિટેટ, સનરાઈઝ ફોર્ચ્યુન, સાર્થક, અંતરિક્ષ, એરોમા, શ્રીરંગ પલ્સ વગેરે સહિત અન્ય સોસાયટીઓનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં ધોળેશ્વર મહાદેવ અને સ્વામિનારાયણ ધામ જેવા ધાર્મિક સ્થળો ઉપરાંત

> "કોબા માર્ગ પર ભારે સ્પીડથી દોડતા વાહનો પર નિયંત્રણ ના હોવાથી અહીં વારંવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે તેથી આ રોડ ક્રોસ કરી શકાય તે રીતે ફૂટ ઓવરબ્રિજ કે અંડરપાસ બનાવાય તે અત્યંત જરૂરી છે. આ વિસ્તારમાંથી ખુબ ભારે વાહનોની દિવસ-રાત અવારજવર રહે છે જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ રહેવા સાથે માર્ગો પર અને રોડ સાઈડની સોસાયટીઓમાં ધૂળ પથરાઈ જવાની કે ધૂળની ડમરીઓ ઉડવાની સમસ્યા પણ રહે છે. આ ભારે વાહનોની ગતિ નિયંત્રણ કરાય તે જારી છે."
>
> - મિતુલ જોશી
> યુવા અગ્રણી અને ધોળેશ્વર બ્રહ્મસમાજના મહામંત્રી

> " ધોળેશ્વર મહાદેવ આસપાસ પહેલા ત્રણ ચાર સોસાયટી બની ત્યારે ગટર લાઈન નંખાઈ હતી પરંતુ વચ્ચે એ ખેતર માલિક સાથે મડાગાંઠના લીધે અંદાજે ૧૦૦ એક મીટરની લાઈન જોડવાની રહી ગઈ છે આ સોસાયટીઓના ગટરનું ગંદુ પાણી સાબરમતી નદીમાં પર્યાવરણ માટે નુકસાનકારક છે. એક સરકારી શાળાની જરૂર છે જે આસપાસના ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારોના બાળકોને શિક્ષણ આપી શકે. "
>
> ડો. અનિલ પટેલ
> અગ્રણી વસાહતી

એસએમવીએસ હોસ્પિટલ જેવી મોટી હોસ્પિટલ પણ છે અને તે સાથે અહીંથી ગિફ્ટ સિટી તરફ જતો મેટ્રો રેલનો ટ્રેક પણ પસાર થાય છે. આ વિસ્તારમાં પહેલી નજરે તો બધું સારુ સારુ દેખાય છે કેમકે નવો વિકસિત વિસ્તારમાં હોવાને કારણે મીતા ભાગના રોડ-રસ્તા નવનિર્મિત છે, નવી સ્ટ્રીટલાઈટ, પાણી-ગટર લાઈનો કાર્યરત છે. આ સુવિધાઓ સહિત કેટલીક બાબતની સમસ્યાઓ આ વિસ્તારના નાગરિકો અનુભવી રહ્યાં છે જેમકે આ વિસ્તારમાં મુખ્ય સમસ્યા અતિશય ક્ષારવાળા પાણીની છે, જેના કારણે કેટલીક જૂની સોસાયટીઓના મકાનોની પાણીની

> "રાંદેસણ ટીપી-૫ વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા બોરના પાણીમાં રહેલા ક્ષારની છે, આ સમસ્યાનો એક જ ઉકેલ છે કે આ વિસ્તારના નાગરિકોને નર્મદાનું પાણી આપવામાં આવે. આ ઉપરાંત અહીં અર્બન હેલ્થ સેન્ટર, સરકારી સ્કૂલ, કોમ્યુનિટી હોલ, બાગબાગીચા અને સપોર્ટ સેન્ટર જેવી શહેરી સુવિધાઓ સત્વરે વિકસિત કરાય તે ખુબ જરૂરી છે."
>
> - ઉદય ભટ્ટ,
> સ્થાનિક અગ્રણી અને ધોળેશ્વર બ્રહ્મસમાજના પ્રમુખ

પાઈપલાઈનોમાં ક્ષાર જામી જવાને કારણે દીવાલો તોડીને પાઈપલાઈનો રીપેર કરાવવી પડી રહી છે. સરેરાશ એક હજારથી વધુ ટીડીએસ ધારાવતા પાણીથી નાગરિકોને અનેક આરોગ્ય વિષયક સમસ્યાઓ થઈ રહી છે જેથી આ વિસ્તારમાં પીવા માટે નર્મદાનું પાણી સત્વરે મળે તેવી નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે. આ ઉપરાંત ખુબ જ મોટી સંખ્યામાં ચાલી રહેલા નિર્માણ કાર્યોને પગલે આ વિસ્તારમાંથી ખુબ મોટી સંખ્યમાં ટ્રક, ડમ્પર, જેસીબી અને ક્રેઈન જેવા ભારે વાહનોની દિવસ-રાત અવારજવર રહે છે જેના કારણે સાયકલ, સ્કૂટર અને કાર સહિતના નાના વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ રહેવા સાથે માર્ગો પર અને રોડ સાઈડની સોસાયટીઓમાં ધૂળ પથરાઈ જવાની કે ધૂળની ડમરીઓ ઉડવાની સમસ્યા પણ રહે છે. આ ભારે વાહનોની ગતિ નિયંત્રણ માટે ટીપી વિસ્તારના માર્ગો પર સ્પીડબ્રેકર બમ્પ બનાવાયાં છે પરંતુ તેમાં કેટલાંક બમ્પ અપ્રમાણસાર ઊંચાઈ ધરાવતા બની જવાને









કારણે તે પણ નાના વાહચાલકો માટે જ માથાનો દુઃખાવો બન્યા છે. વળી, આટલી મોટી સંખ્યામાં ચાલી રહેલી મેટ્રો રેલ સહિત નિર્માણ સાઈટો પર ખુબ જ મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો કાર્યરત છે જેમની ઓળખના પુરાવા સાથેની નોંધણી પ્રક્રિયામાં બેદરકારી જોવા મળે છે જે આ વિસ્તારના પરિવારોની સુરક્ષા માટે જોખમી છે. આ શ્રમિકોને રહેવા યોગ્ય વ્યવસ્થા ના કરતી હોવાથી અનેક સ્થળે ખુલ્લામાં ઝુંપડા બાંધીને રહે છે અને ખુલ્લામાં શૌચક્રિયા આદિ કરે છે જે જાહેર આરોગ્ય માટે પણ જોખમી છે.

જેમ માનવીના શરીરમાં રુધિરભિષણ તંત્ર છે તેમ કોઈ પણ શહેરમાં પાણી-ગટરની પાઈપલાઈનનું તંત્ર અગત્યનું છે જેના કામની ગુણવત્તામાં સમાધાન કરવામાં આવતી હોવાની, ગટર ચેમ્બરની કુંડીઓની ઓછી ગુણવત્તા તેમજ તેના કામમાં અપૂરતા માટી પુરાણની ફરિયાદો પણ જોવા મળે છે જેથી વરસાદી સીઝનમાં ભુવા પાડવાની સમસ્યા જોવા મળી છે. વરસાદી સીઝનમાં ખુલ્લા પ્લોટો સહિત નીચાણવાળા ભાગોમાં વરસાદી પાણીનો ભરાવો થવો, માખી-મચ્છરનો ઉપદ્રવ જેવી સમસ્યાઓ પણ સર્જાય છે. ચાર માર્ગો પર એટલી મોટી સંખ્યામાં ખાનગી હોર્ડિંગ્સ, બેનર્સ અને સાઈનબોર્ડ્સની ભરમાર જોવા મળે છે જે વાહચાલકો માટે પરેશાનીરૂપ બને છે. માર્ગો પર રખડતા ઢોરની સમસ્યા તો છે સાથે સાથે આસપાસના વૃક્ષો અને ડિવાઈડર પરના છોડનું સમયસર ટ્રીમિંગ ના થવાથી વાહનચાલકો માટે નડતરરૂપ બની રહ્યાં છે અને વસાહતીઓ પોતાના બગીચાનું ટ્રીમિંગ કરે તો તેનો કચરો વેસ્ટ કલેક્શનવાળા સ્વીકારતા નથી તેથી તેને જાહેરમાં બાળવાની પ્રવૃત્તિ વધે છે. આમ પણ અહીં ડોર ટુ ડોર કચરાનું કલેક્શન પણ અનિયમિત છે. સ્વામિનારાયણ ધામ પાસે ગટરના ઢાંકણ રોડ લેવલથી નીચા અને મેઘધનુષ સોસાયટી પાસે ઢાંકણ વધુ ઊંચા જોવા મળે છે. નવા રોડની ગુણવત્તા પણ થીગડાં મારીને ઢાંકી રાખી છે. ટીપી સામે ચ-૦થી કોબા મુખ્ય માર્ગ પર અકસ્માતનું જોખમાં જોતા તેને ક્રોસ કરવા ફૂટ ઓવરબ્રિજ કે અંડરપાસ બનાવાય તેની માંગ છે. આ વિસ્તારમાં એક પણ બાગબાગીચો પણ નથી.

પ્રતિભાવો આવકાર્ય : samirtlaod@gmail.com